દરિયાઇ ઘોડો

(સી-હોર્સ)

રોબર્ટ એ. મોરિસ

ચિત્ર: આર્નોલ્ડ લોબેલ

દરિયાઇ ઘોડો
(સી-હોર્સ)



રોબર્ટ એ. મોરિસ

ચિત્ર: આર્નોલ્ડ લોબેલ

સમુદ્રમાં એક બહુ મોટા તોફાન આવ્યું છે.

વિશાળ મોજા

કિનારે ટકરાઈ રહ્યા છે.

ઘણા સમુદ્રી જાનવર

ઊંડા પાણીમાં તરીને જતા રહે છે.

ત્યાં પાણી શાંત છે.

પણ થોડા જાનવર

કિનારા પાસે જ રહે છે.

એમાંથી એક માછલી છે.

પણ એ બીજી માછલીઓ

જેવી દેખાતી નથી.

એ એક દરિયાઈ ઘોડો

એટલે કે સી-હોર્સ છે.

ધડામ!

એક મોટું મોજું

દરિયાઇ ઘોડાને

સમુદ્રી શેવાળથી

અલગ કરી દેય છે.

પાણીની લહેર એને સમુદ્રમાં લઈ
જાય છે.

એ પાણીમાં

સ્વતંત્ર તરી રહ્યો છે.

એ જોખમમાં છે,

કારણકે એના દુશ્મન

એને જોઈ શકે છે.

સમુદ્રી શેવાળનો

એક નાનો ટૂકડો

તરીને આવે છે.

દરિયાઇ ઘોડો જલ્દીથી

એની પૂંછડીને સમુદ્રી શેવાળ

ની ચારે બાજુ લપેટે છે.



સમુદ્રી શેવાળ ભૂરા રંગનું હોય છે.

એને સરગાસમ કહેવાય છે.

એની દાંડી પર

નાની કોથળી લાગેલી હોય છે.

એ કોથળીઓ ફુગ્ગા જેવી દેખાય છે.

કોથળીઓને લીધે સમુદ્રી શેવાળ

તરતું રહે છે.

દરિયાઇ ઘોડો શેવાળને

કસીને પકડે છે.

તોફાન ઘણા દિવસો સુધી ચાલે છે.

હવે દરિયાઇ ઘોડો થાકેલો

અને ભૂખ્યો છે.

એને ટૂંક સમયમાં

કંઈક ખાવું જોઇએ.

જો એ ખાશે નહીં

તો એ એટલો નબળો થઇ જશે

કે એ સમુદ્રી શેવાળને

પકડી નહીં શકે.

તોફાન શમી ગયું છે.

સમુદ્ર શાંત છે.

વધારે સમુદ્રી શેવાળ આવે છે

અને હજી વધારે શેવાળ આવે છે.

થોડા સમયમાં સમુદ્રની ઉપર

ભૂરા રંગની સરગાસમની

એક મોટી ચાદર

પથરાઈ જાય છે.

દરિયાઈ ઘોડો અને એનું શેવાળ

એની વચમાં હોય છે.



પાણીમાં ઘણા નાના-નાના જાનવર
અને વનસ્પતિ તરે છે.
એને પ્લેન્કટન કહેવાય છે.
નાની માછલીઓ પ્લેન્કટન ખાય છે.
મોટી માછલીઓ,
નાની માછલીઓને ખાય છે.

દરિયાઈ ઘોડો બહુ ભૂખ્યો છે.

નાની માછલીઓ તરતી- તરતી નીકળે છે.

નાના ઝીંગા તરતા-તરતા નીકળે છે.

દરિયાઈ ઘોડો

એક નાના ઝીંગાને જુએ છે.

એ એની પાસે તરે છે.

અચાનક દરિયાઈ ઘોડો

એના ગાલ ફૂલાવે છે.

એનું મોઢું ખોલે છે.

પૂફ!

ઝીંગો એના લાંબા સૂંઢની નીચે

ગાયબ થઈ જાય છે.

પૂફ! પૂફ! પૂફ!

આ રીતે બીજા ત્રણ ઝીંગા

ગાયબ થઈ જાય છે.

દરિયાઈ ઘોડાના દાંત નથી હોતા.

એ એની લાંબી સૂંઢથી

ખાવાનું ચૂસે છે.

પૂફ!

એ બીજું એક ઝિંગુ

ખાઈ જાય છે.

દરિયાઈ ઘોડા માટે ઘણું ખાવાનું છે.

એ સેંકડો નાના ઝીંગા ખાય છે,

જ્યાં સુધી એનું પેટ ભરાતું નથી.

દરિયાઈ ઘોડો ભૂરા રંગનો છે.

અને સરગાસમ પણ ભૂરા રંગની છે.

એટલે દરિયાઈ ઘોડાને

જોવાનું મુશ્કેલ છે.

એ સમુદ્રી શેવાળના

એક ટૂકડા જેવો દેખાય છે.

એક દિવસ, એક માછલી,

એક વિશાળ એમ્બરજેક

તરીને આવે છે.

એમ્બરજેક ભૂખી છે.

એ નાના કરચલા

અને માછલીઓ ખાય છે.

એ દરિયાઈ ઘોડા પણ ખાય છે.

દરિયાઈ ઘોડો સાવ સ્થિર રહે છે.

એમ્બરજેક તરીને

એની વધારે નજીક આવે છે.

સ્વીશ!

એ દરિયાઇ ઘોડા પાસે

એક નાના કરચલાને ખાય છે.

એમ્બરજેક દરિયાઇ ઘોડાને

જોતી નથી.

માછલી હજી ભૂખી છે.

અને વધારે ખોરાકની શોધમાં

એ તરીને દૂર જતી રહે છે.



એક દિવસ દરિયાઇ ઘોડો

સમુદ્રી શેવાળને છોડી દે છે.

એ બીજા ટૂકડા તરફ

આગળ વધવાનું શરુ કરે છે.

સમુદ્રી શેવાળ ફક્ત

થોડી ફીટની દૂરી પર છે.

પણ દરિયાઇ ઘોડા માટે આ એક
લાંબી યાત્રા છે.

એની પાસે પકડવા માટે

કંઇ નથી.

એ તણાઇ જઇ શકે છે.

અથવા પછી કોઇ મોટી
માછલી એને ખાઇ શકે છે.



એ એની પીઠ પરની

નાની પાંખને

હલાવે છે.

એ પાંખને વધારે

જોરથી હલાવે છે.

થોડીવારમાં એ એટલી

ઝડપથી આગળ વધે છે

કે એને જોવાનું

મુશ્કેલ થઇ જાય છે.



એની પાંખ, દરિયાઇ ઘોડાને

આગળ ધકેલે છે.

પણ એ ખોટી દિશામાં

તરી રહ્યો છે!

એ એના માથાના

કિનારાવાળી પાંખો

હલાવવાનું શરુ કરે છે.



એ કાન જેવા દેખાય છે.

એ એક પાંખને બીજાની

સરખામણીએ વધારે ગતિથી હલાવે છે.

એ જલ્દીથી ઘૂમી જાય છે.

દરિયાઇ ઘોડો આ પાંખોનો ઉપયોગ એક કે બીજી

બાજુ ફરવા માટે કરે છે.

એના પેટની નીચેની નાની પાંખ

એને પાણીમાં સીધા રહેવામાં

મદદ કરે છે.

એક મિનિટમાં એ

સમુદ્રી શેવાળમાં

એના નવા ઘર સુધી

પહોંચી જાય છે.

હવે એ સુરક્ષિત છે.



ક્લિક! ક્લિક! ક્લિક!
કેવો વિચિત્ર અવાજ છે.
પાણીની નીચેની દુનિયા
ઘણીવાર ઘોંઘાટવાળી હોય છે.
સ્નેપ! સ્નેપ! સ્નેપ!
એક નાનું ઝિંગુ ચીસ પાડે છે.
ક્રોક! ક્રોક! ક્રોક!
એક માછલી બોલે છે.
ફરી ક્લિક! ક્લિક!
નો અવાજ આવે છે.
દરિયાઇ ઘોડાએ આ અવાજ
પહેલા પણ સાંભળ્યો છે.
આ એક બીજા દરિયાઇ ઘોડાનો
અવાજ છે.
દરિયાઇ ઘોડો એની
ગરદનને ઝાટકો આપીને
એવો અવાજ કરે છે.

દરિયાઇ ઘોડો

એની એક આંખને

સામે ફેરવે છે.

એ એની બીજી આંખ

પાછળ ફેરવે છે.

એક સમયે એની એકજ આંખ હલે છે.

આખરે, એ બીજા દરિયાઇ ઘોડાને

શોધી લેય છે.

એ માદા છે.

એ ધીરે-ધીરે એના તરફ તરે છે

અને એનું અભિવાદન કરે છે.

ક્લિક! ક્લિક! ક્લિક!

એ બે વર્ષની છે.

એ પણ એ જ ઉંમરનો છે.

થોડા સમય માટે એ

પૂંછડી જોડે છે.

પછી એ બંને એની પૂંછડીને

સમુદ્રી શેવાળની ચારે

બાજુ લપેટે છે.

દરિયાઈ ઘોડા

પાણીમાં

ઘણા નાના ઈંડા જુએ છે.

એ ઈલના ઈંડા છે.

જયારે ઈલના બચ્ચા નીકળે છે

તો દરિયાઈ ઘોડા એમાંથી

ઘણા બચ્ચા ખાઈ જાય છે.

એક દિવસ માદા દરિયાઈ ઘોડો

તરીને નર પાસે જાય છે.

માદાએ ઈંડા મૂકવાનો સમય થઈ
ગયો છે.

મોટા ભાગની માછલીઓ એના
ઈંડા પાણીમાં મૂકે છે.

દરિયાઈ ઘોડા એવું નથી કરતા.

નર દરિયાઈ ઘોડાના પેટની નીચે

એક મોટી થેલી હોય છે.

માદા એ થેલીમાં ઈંડા મૂકે છે.

નર એ ઈંડાને ત્યાં સુધી

એની પાસે રાખશે

જ્યાં સુધી એ ફૂટશે નહીં.

દિવસો વીતે છે અને પવન ફૂંકાય છે.

દરિયાઇ ઘોડા સમુદ્રી શેવાળને

મજબૂત પકડે છે.

સમુદ્રી શેવાળ કિનારાની વધારે

નજીક તરે છે.

એક દિવસ સમુદ્રી શેવાળ

એક મોટી ખાડીમાં

જતું રહે છે.

ખાડી શાંત છે.

એ સમુદ્રની મોટી લહેરોથી

સુરક્ષિત છે.



એ દરિયાઇ ઘોડા માટે

એક સારું ઘર છે.



બંને દરિયાઇ ઘોડા

થોડા ઈલગ્રાસમાં તરે છે.

ઈલગ્રાસમાં ઘણા અન્ય

દરિયાઈ ઘોડા રહે છે.

એ ઈલગ્રાસની જેમ જ

કાળા હોય છે.

ઈલગ્રાસને જોવું મુશ્કેલ છે.

પણ ભૂરા નર અને માદા

દરિયાઈ ઘોડાને જોવાનું

સરળ હોય છે.

એ સરગાસમ જેવા જ

રંગના હોય છે.

લૂકડાઉન નામની

એક મોટી માછલી

ઈલગ્રાસમાં તરે છે.

ભૂરા દરિયાઈ ઘોડા

જલ્દીથી સંતાઈ જાય છે.

લૂકડાઉનને એ દેખાતા નથી.

બે દિવસમાં દરિયાઇ ઘોડા

કાળા થઇ ગયા છે.

એ ઇલગ્રાસ જેવા દેખાવા લાગ્યા છે.

પછી એ મોટી માછલીઓથી સુરક્ષિત રહેશે.

નર દરિયાઇ ઘોડાએ લગભગ

પચીસ દિવસો સુધી ઇંડા વહન કર્યા છે.

એની થેલી બહુ મોટી થઇ ગઇ છે.

પછી એ એવી રીતે ઝૂકે છે

જાણે એને પેટમાં દુઃખતું હોય.

પોપ!

એક દરિયાઇ ઘોડાનું બચ્ચું

બહાર નીકળે છે.

પોપ!

થેલીમાંથી બીજા ત્રણ બચ્ચા

બહાર નીકળે છે.

પોપ!

બીજા બાર બચ્ચા બહાર નીકળે છે.



થોડા સમયમાં પાણીમાં

સેંકડો દરિયાઇ ઘોડાના બચ્ચા હોય છે.

એ એના પિતાના નાક

જેટલા લાંબા હોય છે.

એમાંથી ઘણા પોતાની પૂંછડી

ઈલગ્રાસની ચારે બાજુ લપેટે છે.

એ પ્લેન્કટન ખાવાનું

શરુ કરી દેય છે.

એ પોતાની દેખભાળ

કરવામાં સક્ષમ હોય છે.





થોડા બચ્ચા પાણીમાં તણાઈ જાય છે.

એ એના માતા-પિતાથી દૂર રહે છે.

બધા દરિયાઈ ઘોડાના બચ્ચા મોટા નહીં થાય.

થોડાને મોટી માછલીઓ ખાઇ જશે.

નર દરિયાઈ ઘોડાની
થેલી હવે ખાલી છે.
એ નાનો દેખાય છે.
હવે એ ઘણા મહિનાઓ સુધી
ફરી ઈંડાનું વહન નહીં કરે.
માદા એની પાસેજ રહે છે.

લગભગ અંધારું થઈ ગયું છે.

ક્લિક! ક્લિક! ક્લિક!

ઈલગ્રાસમાં દરિયાઇ ઘોડા

ભોજનની શોધમાં છે.

પૂફ! પૂફ! પૂફ!

દરિયાઇ ઘોડા

નાના જાનવરોને ચૂસી રહ્યા છે.

નર અને માદા શાંત ખાડીમાં
લાંબા સમય સુધી રહેશે.

સમાપ્ત